જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૦૪/૦૭/૨૦૨૨ સોમવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૧૮૪/૨૦૨૨**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.03/0૭/૨૦૨૨ કલાક 00/00 થી કલાક ૨૪/00 સુધીની માહીતી નીચે મુજબ છે.**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૧ | ૦ | ૧૪૧ | ૪૨૦ | ૦ | ૪૨૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| | કુલ | ૧૦૦૬૯૪ | ૦ | ૧૦૦૬૯૪ | ૧૦૯૫૯૮ | ૦ | ૧૦૯૫૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૩ | ૩,૦૮,૪૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૧૮૫/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૮ કેસ કરી, ૩૧ વ્યક્તિઓને ઝડપી, ૫૬ લીટર દેશી દારૂ, ૩૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૬૯ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૫ બિયર ટીન, ૧ કાર, ૧ મોટર સાયકલ અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૬ કેસ કરી ૩૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૨૩,૨૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૧૮૬/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૧૮૭/૨૦૨૨**

**વાસણાઃ** જીતેન્દ્રભાઇ શંકરદાન ગઢવી (ઉ.વ.૪૭) (રહે. પરમેશ્વરી સોસાયટી નવકાર દેરાસર રોડ વાસણા) એ તા.0૩/0૭/૨૦૨૨ ના રોજ વાસણા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આરોપી સૌમિકભાઇ દીલીપભાઇ મહેતા (રહે. સ્ટર્લીંગ સીટી ડુપ્લેક્ષ ઉમિયા માતાના મંદીર સામે બોપલ) એ જીતેન્દ્રભાઈ ગઢવી સાથે મિત્રતા કેળવી વિશ્વાસમા લઈ સને-૨૦૧૩ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન જીતેન્દ્રભાઈ પાસેથી હાથ ઉછીના રોકડ રૂપિયા ૨૦,00,000/- તેમજ રૂપિયા ૨૫,00,000/- ચેકથી મેળવી લઈ તેના બદલામાં તેલાવ ગામ સાણંદ ખાતે ગોયલ વોટરપાર્કમા ૧000 વારનો પ્લોટ આપવાનુ જણાવી અને તત્વ નક્ષત્ર નામની સ્કીમમા ફ્લેટ આપવાનુ નક્કી કરી આજદીન સુધી ફ્લેટ કે પ્લોટ નહી આપી, આપેલ નાણાં પૈકી ટુકડે-ટુકડે રૂપિયા ૬,૫0,000/- પરત આપી બાકીના રૂપિયા ૩૮,૫0,000/- પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.સી.ચૌધરી ચલાવે છે.

**છઠ્ઠા માળથી પડી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૧૮૮/૨૦૨૨**

**સરદારનગરઃ** નાના ચિલોડા ભગવતી ટાઉનશીપ પાસે પ્રેમ પ્રકાશ આશ્રમ સામે આવેલ કૈલાશ શિવાલયા સાઇટ્સ ખાતે રહેતા અને ત્યા જ કામ કરતા ચંદન જગદીશ સિંઘ (ઉ.વ.૩0) (મુળ વતન. અચ્ચેલાલ સેફાઇ એટવહ સરાઇ ચૌરી એટવહ ઉત્તરપ્રદેશ) તા.0૧/0૭/૨૦૨૨ સાંજના ૭/00 વાગ્યાના સુમારે કૈલાશ શિવાલયાના બ્લોકના છઠ્ઠા માળથી ડક્ટ પરથી નીચે પડી જતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી અજીતસિંહ છગનસિંહ ચલાવે છે.

**ડુબી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૧૮૯/૨૦૨૨**

**નરોડાઃ** રવિ સ/ઓ શાંતીલાલ મારવાડી (ઉ.વ.૧૫) (રહે. રામાપીરના મંદીરની બાજુમાં ખોડીયાર માતાની ચાલી નહેરૂનગરનાં છાપરાં કુબેરનગર) તા.0૩/0૭/૨૦૨૨ બપોરના ૨/00 થી સાંજના ૫/૨૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન નાના ચિલોડા ગોબરેશ્વર મહાદેવના મંદીરની પાછળ નદીમાં ન્હાવા જતા ડુબી જતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એ.એમ.પટેલ ચલાવે છે.

**દટાઈ જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૧૯૦/૨૦૨૨**

**નરોડાઃ** નવા નરોડા ફોર્ચ્યુન સર્કલ પુષ્કર વેલી નામની નવી બનતી સાઇટ ખાતે રહેતા અને સ્ટાર હંસપુરા રીંગ રોડ એમ્પાયર એન્ડ એલિગન્સ નામની બનતી નવી સાઇટ ખાતે સેન્ટીંગનુ કામ કરતા કાળુભાઇ ધુળાભાઇ બારીયા (ઉ.વ.૪૨) (મુળ વતન. ગામ-વાવ લવારિયા દેવગઢ બારીયા જી-દાહોદ) તા.03/૦૭/૨૦૨૨ સવારના ૮/૧૫ વાગ્યાના સુમારે સાઈટના ભોયરા નજીક ઉભા હતા ત્યારે વરસાદી પાણીથી ભીની થયેલ માટીની ભેખડ પડતા કાળુભાઈ માટીની નીચે દટાઈ જતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી આઝાદસિંહ દલજીતસિંહ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૧૯૧/૨૦૨૨**

**વસ્ત્રાપુરઃ** ચન્દ્રકાંત શિવલાલ પટેલ (ઉ.વ.૭૪) (રહે. તીનમુર્તી બંગલો ઔડાના ગાર્ડન પાસે સુરધારા સર્કલ પાસે) એ ગંભીર બિમારીથી કંટાળી તા.03/૦૭/૨૦૨૨ કલાક ૮/30 વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વસ્ત્રાપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રવિણભાઇ ચલાવે છે.

**વાડજઃ** ભાગ્યશ્રીબહેન દિનેશભાઇ ગોહીલ (ઉ.વ.૨૬) (રહે. ઠક્કરબાપાનગર સૌરાબજી કમ્પાઉન્ડ જુના વાડજ) એ અગમ્ય કારણસર તા.03/૦૭/૨૦૨૨ કલાક ૧૨/30 વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.ઇ.શ્રી બી.એલ.વડુકર ચલાવે છે.

**જીઆઇડીસી વટવાઃ** જશોદાનગર નવી વસાહત ખાતે રહેતા ગોવિંદ જગદેવ શાહ (ઉ.વ.૨૨) (મુળ વતન. ગામ-રઈમા તા-સહારગઢ જી-મધુબની થાના-સહારગઢ બિહાર) એ અગમ્ય કારણસર તા.03/૦૭/૨૦૨૨ સાંજના ૫/૦૦ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે છતના ભાગે લોખંડની પાઈપ સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે જીઆઇડીસી વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી બળવતસિંહ મંગળસિંહ ચલાવે છે.

**નારોલઃ** વિભાકુમારી વા/ઓ મુકેશકુમાર સહાની (ઉ.વ.૨૪) (રહે. ભરવાડવાસ સૈજપુર ગોપાલપુર ગામ નારોલ) એ અગમ્ય કારણસર તા.૦૨/૦૭/૨૦૨૨ સવારના ૯/૦૦ થી બપોરના ૩/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના રહેણાંક ખાતે છતની લોખંડની એંગલ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનરશ્રી “કે” ડીવીઝન ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી